

सत्यमेव जयते

ગુજરાત સરકાર



# સમાજ સુરક્ષા પ્રભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સંપુટ






## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ


**નિયામક સમાજ સુરક્ષા**

બ્લોક નં 16, ભોંયતળીયે, ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર - 10, ગાંધીનગર - 382 010.




**પ્રકાશક** :- નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**પ્રોસેસિંગ અને મુદ્રણ** :- સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

**વર્ષ** :- 2023-24

**નોંધ** :- આ પુસ્તિકામાં સમાજ સુરક્ષા પ્રભાગની વિવિધ યોજનાઓની સરળ જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યોજનાઓના અર્થઘટન, અમલ, ફેરફાર અને નાણાકીય મંજૂરીની બાબતો માટે સરકારશ્રીના વખતો વખતના ઠરાવ, હુકમો અને પરિપત્રો જ આધારભૂત ગણાશે અને યોજનાઓના અર્થઘટનમાં તે જ નિર્ણાયક રહેશે. યોજનાની વધુ વિગતો માટે જે તે પ્રભાગ કે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.


TAMILNADU DIFFERENTLY ABLED





# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| 1 | **દિવ્યાંગ કલ્યાણ** | |
| | દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવાની યોજના | 2 |
| | દિવ્યાંગ સાધન સહાય યોજના | 3 |
| | દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના | 4 |
| | ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના | 6 |
| | સંત સુરદાસ યોજના | 7 |
| | દિવ્યાંગ વ્યક્તિના કુટુંબીજનને વીમા સહાય યોજના | 8 |
| | દિવ્યાંગ લગ્ન સહાય યોજના | 9 |
| | નિરામયા આરોગ્ય વીમા યોજના | 11 |
| | બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના | 12 |
| | દિવ્યાંગો માટે ઇલેકટ્રીક સ્કૂટર આપવાની યોજના | 13 |
| 2 | **વૃદ્ધ કલ્યાણ** | |
| | ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના | 15 |
| | નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના (રાજ્ય સરકારની યોજના) | 16 |
| | વૃદ્ધ સહાય મેળવતા સિનિયર સિટીઝનો માટે રૂ. 5,000/- ની સહાય માટેની અંત્યેષ્ઠી સહાય યોજના | 18 |
| | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ) | 19 |
| 3 | **બાળ કલ્યાણ** | |
| | પાલક માતા-પિતા યોજના | **21** |
| | પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દીકરીઓને લગ્ન સહાય યોજના | **22** |
| | શેરો પોઝીટીવ ઇલનેશ શિષ્યવૃતિ યોજના | **23** |
| | કેદી સહાય યોજના | **25** |
| 4 | **સાફલ્ય ગાથા** | |
| | પાલક માતા-પિતા યોજના | **27** |
| | દિવ્યાંગ લગ્ન સહાય યોજના | **28** |
| 5 | **સમાજ સુરક્ષા ખાતા દ્વારા અમલવારી કરવામાં આવતા કાયદાઓ** | **29** |
| 6 | **સમાજ સુરક્ષા પ્રભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના નામ / સરનામાની અને સંપર્ક નંબરની વિગતો** | **30** |

# દિવ્યાંગ કલ્યાણ

## યોજનાઓ

- દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવાની યોજના
- દિવ્યાંગ સાધન સહાય યોજના
- દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના
- ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના
- સંત સુરદાસ યોજના
- દિવ્યાંગ વ્યક્તિના કુટુંબીજનને વીમા સહાય યોજના
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના
- નિરામયા આરોગ્ય વીમા યોજના
- બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના
- દિવ્યાંગો માટે ઇલેકટ્રીક સ્કુટર આપવાની યોજના



# દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવાની યોજના

## (એ) એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની પાત્રતા.

40% કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

## (બી) દિવ્યાંગ એસ.ટી. બસ પાસથી મળવાપાત્ર લાભો.

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં ગુજરાત રાજ્યની હદમાં તેમજ રાજ્ય બહાર મુસાફરીના કિસ્સામાં બસ રૂટના રાજ્ય બહાર આવેલા અંતિમ સ્ટેશન સુધી વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

## (સી) આ યોજનાના અરજીપત્રક.

- આ યોજના હેઠળ www.esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે
- તેમજ ડિજીટલ ગુજરાત અંતર્ગત ડીજીટલ સેવા સેતુ કાર્યક્રમ અમલમાં છે જે અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફત એક દિવસમાં ઓનલાઇન સેવા પુરી પાડવામાં આવેલ છે. જેમાં આ યોજનાનો સમાવેશ પણ કરવામાં આવેલ છે.
- ઓનલાઇન અરજીઓની ચકાસણી કરી મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે.



# દિવ્યાંગ સાધન સહાય યોજના

## (એ) દિવ્યાંગ સાધન સહાય કોને મળે? (તેની પાત્રતા)

- 40% કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવશે.
- 16 વર્ષથી નીચેની વ્યક્તિને રોજગારલક્ષી સાધનો આપી શકાશે નહી.

## (બી) સાધન સહાયમાં શું મળી શકે?

- રૂ. 20,000/- ની મર્યાદામાં સાધન સહાય નીચે મુજબ પ્રાપ્ત થઇ શકે છે.
- આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિની દિવ્યાંગતામાં રાહત થાય તે માટે ટ્રાયસીકલ, ફોલ્ડિંગ વ્હીલચેર, હીયરીંગ એડ (અ) પોકેટરેન્જ (બ) કાન પાછળ લગાવવાનું, ફોલ્ડીંગ સ્ટીક, એલ્યુમીનીયમની કાંખ ઘોડી, કેલિપર્સ (અ) ઘુંટણ માટેનાં (બ) પોલીયો  કેલિપર્સ, બ્રેઇલ કીટ, એમ. આર. કીટ (મંદબુદ્ધિના બાળકો માટે) અને સંગીતના સાધનો આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ સ્વરોજગારી માટે કડીયાકામ, સેન્ટ્રિંગકામ, વાહન સર્વીસીંગ અને રીપેરીંગ, મોચીકામ, દરજીકામ, ભરતકામ, કુંભારીકામ, વિવિધ પ્રકારની ફેરી, પ્લમ્બર કીટ, બ્યુટીપાર્લર, ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ, ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ, સુથારીકામ, ધોબીકામ, સાવરણી સુપડા બનાવનાર, દૂધ-દહીં વેચનાર, માછલી વેચનાર, પાપડ બનાવટ, અથાણાં બનાવટ, ગરમ અને ઠંડાપીણાં, અલ્પાહાર વેચાણ, પંચરકીટ, ફ્લોર મીલ, મસાલા મીલ, રૂની દિવેટ બનાવવી, મોબાઇલ રીપેરીંગ, હેર કટીંગ (વાળંદકામ) વગેરે કિટો આપવામાં આવે છે.

## (સી) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા.

- દિવ્યાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.
- દિવ્યાંગતાનું પ્રમાણપત્ર.
- વ્યવસાય અંગેનાં અનુભવનું પ્રમાણપત્ર.
- ઉંમરનો પુરાવો.
- રહેઠાણનો પુરાવો.

## (ડી) આ યોજનાનુ અરજીપત્રક.

- આ યોજના હેઠળ www.esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે.
- ઓનલાઇન અરજીઓની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે

# દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના

## (એ) શિષ્યવૃતિ મેળવવાની પાત્રતા.

- અભ્યાસ કરતાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ કે જેની દિવ્યાંગતાની ટકાવારી 40% કે તેથી વધુ હોય.
- છેલ્લી પરીક્ષામાં ઓછામાં ઓછા 40% ગુણથી ઉતિર્ણ હોવા જોઇએ.
- જે તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.
- દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઇએ.

## (બી) દિવ્યાંગ શિષ્યવૃતિ કેટલી મળે?

- ધોરણ 1 થી 8 સુધીમાં ભણતા દિવ્યાંગ વિદ્યાર્થીને વાર્ષિક રૂ. 1,500/-
- ધોરણ 9 કે તેથી ઉચ્ચ અભ્યાસ કરતાં દિવ્યાંગ વિદ્યાર્થીને વાર્ષિક રૂ. 2,000/- કે તેથી વધુ પણ રૂ. 4,500/- સુધી.

| ક્રમ | ધોરણ | શિષ્યવૃતિનો વાર્ષિક દર (10 માસ સુધી) |
|---|---|---|
| 1 | ધો. 1 થી 8 (ડે સ્કોલર માટેનો દર) | 1,500/- |
| 2 | ધો. 9 થી 12 અને આઇ.ટી.આઇ. સમકક્ષ (ડે સ્કોલર માટેનો દર) | 2,000/- |
| 3 | ધો. 9 થી 12 અને આઇ.ટી.આઇ. સમકક્ષ (હોસ્ટેલર માટેનો દર) | 2,500/- |
| 4 | બી.એ., બી.એસ.સી., બી.કોમ., અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ (ડે સ્કોલર માટેનો દર) | 3,000/- |
| 5 | બી.એ., બી.એસ.સી., બી.કોમ., અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ (હોસ્ટેલર માટેનો દર) | 3,750/- |
| 6 | બી.એડ., બી.ઇ., બી.ટેક., એલ.એલ.બી., બી.સી.એ., એમ.બી. બી.એસ. અને સમકક્ષ અભ્યાસક્રમો તેમજ ડિપ્લોમા ઇન પ્રોફેશનલ એન્ડ એન્જીનીયરીંગ સ્ટડી ઇન પ્લાન્ટ ટ્રેનીંગ અને તેને સમકક્ષ (ડે સ્કોલર માટેનો દર) | 3,500/- |
| 7 | અંધ વ્યક્તિઓ માટે રીડર એલાઉન્સ (ધો. 8 સિવાયના ઉપર દર્શાવેલ અન્ય તમામ અભ્યાસક્રમો માટે) | 1,500/- |

| ક્રમ | ધોરણ | શિષ્યવૃતિનો વાર્ષિક દર (10 માસ સુધી) |
|---|---|---|
| 8 | બી.એડ., બી.ઇ., બી.ટેક., એલ.એલ.બી., બી.સી.એ., એમ.બી. બી.એસ. અને સમકક્ષ અભ્યાસક્રમો તેમજ ડિપ્લોમા ઇન પ્રોફેશનલ એન્ડ એન્જીનીયરીંગ સ્ટડી ઇન પ્લાન્ટ ટ્રેનીંગ અને તેને સમકક્ષ (હોસ્ટેલર માટેનો દર) | 4,500/- |
| 9 | એમ.એસ.સી., એમ.ફીલ., એલ.એલ.એમ., એમ.એડ. (ડે સ્કોલર માટેનો દર) | 3,500/- |
| 10 | એમ.એસ.સી., એમ.ફીલ., એલ.એલ.એમ., એમ.એડ. (હોસ્ટેલર માટેનો દર) | 4,500/- |

### (સી) આ યોજનાના અરજીપત્રક.

દિવ્યાંગ શિષ્યવૃતિ જે તે પ્રાથમિક શાળા, હાઇસ્કૂલ તથા કોલેજના આચાર્યશ્રી / વિધાર્થી દ્વારા www.digitalgujarat.gov.in પર ઓનલાઇન સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા કચેરીને મોકલવામાં આવે છે.

### (ડી) દિવ્યાંગ શિષ્યવૃતિના અરજીપત્રકો સાથે સામેલ કરવાના પુરાવા.

- દિવ્યાંગ વિધાર્થીનું દિવ્યાંગતા ઓળખકાર્ડ અથવા જે તે સિવિલ હોસ્પિટલ તબીબી બોર્ડનું દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતુ પ્રમાણપત્ર.
- આધારકાર્ડની નકલ અને બેંક એકાઉન્ટની માહિતી.
- ગત વર્ષના વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ.
- અરજીપત્રકો જે તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન ફોર્મ ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીને મોકલવાના હોય છે.

### (ઇ) દિવ્યાંગ શિષ્યવૃતિ મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે.

# ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના

### (એ) લાભ કોને મળવાપાત્ર થાય?

- 80% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ.
- 18 થી 79 વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે (ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ તેમજ શેહરી વિસ્તાર માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્બન હાઉસિંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા લોકોની યાદી બનાવવામાં આવેલ છે તેમાં સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

### (બી) લાભ શું મળે?

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. 1,000/- સહાય મળવાપાત્ર છે. જેમાં રૂ. 700/- રાજ્ય સરકાર દ્વારા અને રૂ. 300/- કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.
- અરજદારને સહાય પોસ્ટ / બેંક ખાતામાં ડી.બી.ટી. મારફત ચૂકવવામાં આવે છે.

### (સી) અરજીપત્રક સાથે સામેલ કરવાની માહિતી (બિડાણ).

- દિવ્યાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ / સિવિલ સર્જનશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગ પ્રમાણપત્ર.
- ઉંમરનો પુરાવો અને રહેઠાણનો પુરાવો.
- દિવ્યાંગ વ્યક્તિનું નામ ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોય તેનો દાખલો (0 થી 20 સ્કોર).
- આધારકાર્ડની નકલ અને બેંક એકાઉન્ટની માહિતી.

### (ડી) આ યોજનાના અરજીપત્રક.

આ યોજના હેઠળ અરજદારે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએ નિયત કરેલ નમુનામાં જરૂરી આધાર સાથે અરજી કરવાની રહેશે.

### (ઇ) સહાય ક્યારે બંધ થાય?

- અરજદારની ઉંમર 79 વર્ષની થતાં.
- અરજદારનું અવસાન થતા.

# સંત સુરદાસ યોજના

## (એ) લાભ કોને મળવાપાત્ર થાય?

- 80% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ
- 0 થી 17 વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિને મળવાપાત્ર છે (ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ તેમજ શેહરી વિસ્તાર માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્બન હાઉસિંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા લોકોની યાદી બનાવામાં આવેલ છે તેમાં સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

## (બી) લાભ શું મળે?

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. 1,000/- સહાય મળવાપાત્ર છે.
- અરજદારને સહાય પોસ્ટ/બેંક ખાતામાં ડી.બી.ટી. મારફત ચૂકવવામાં આવે છે.

## (સી) અરજીપત્રક સાથે સામેલ કરવાની માહિતી (બિડાણ).

- દિવ્યાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ / સિવિલ સર્જનશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગ પ્રમાણપત્ર.
- ઉંમરનો પુરાવો અને રહેઠાણનો પુરાવો.
- દિવ્યાંગ વ્યક્તિનું નામ ગરીબી રેખા હેઠળ (B.P.L.) જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોય તેનો દાખલો (0 થી 20 સ્કોર)
- આધારકાર્ડની નકલ અને બેંક એકાઉન્ટની માહિતી.

## (ડી) આ યોજનાના અરજીપત્રક.

- આ યોજના હેઠળ www.esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવે છે.
- ઓનલાઇન અરજીઓની ચકાસણી કરી મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે.

# દિવ્યાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય યોજના

### (એ) લાભ કોને મળવાપાત્ર થાય?

- 40% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ.
- સમાજ સુરક્ષા કચેરીનું ઓળખકાર્ડ ધરાવનાર દિવ્યાંગ વ્યક્તિ.

### (બી) લાભ શું મળે?

આ યોજના હેઠળ આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈ પણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમ દિવ્યાંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલિસીની શરતોને આધીન રહીને મળવાપાત્ર છે, જેમાં લાભાર્થીને રૂ. 1,00,000/- (એક લાખ) સુધીનું વીમા કવચ મળવાપાત્ર છે. સહાય નીચે મુજબ મળવાપાત્ર છે.

| ક્રમ | સહાયની વિગત |
|---|---|
| 1 | અકસ્માતના કારણે મૃત્યુ / કાયમી, સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં 100%. |
| 2 | અકસ્માતના કારણે બે આંખ, કે બે અંગ અથવા હાથ / પગ ગુમાવવાના કિસ્સામાં 100% (આંખના કિસ્સામાં આંખની સંપૂર્ણ 100% દ્રષ્ટિ જવી, હાથના કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગના કિસ્સામાં ઘુંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોવો જરૂરી છે) |
| 3 | અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં 100%. |
| 4 | અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં 50%. |

### (સી) લાભ મેળવવા અરજી કોને કરવી?

- જિલ્લા સમાજ સુરક્ષા આધિકારીશ્રીને અરજી કરવાની રહેશે.

# દિવ્યાંગ લગ્ન સહાય યોજના

## (એ) દિવ્યાંગ લગ્ન સહાય કોને મળે? (પાત્રતા)

- કન્યાની ઉંમર 18 વર્ષ થી વધુ અને છોકરાની ઉંમર 21 વર્ષથી વધુ હોવી જોઇએ.
- યોજનાનો લાભ ફક્ત એક જ વખત (યુગલ દિઠ મળવાપાત્ર રહેશે).
- આ યોજનામાં લગ્ન થયાની તારીખથી 2 વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.
- બે અલગ અલગ જિલ્લામાં રહેતી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ મેળવવા માટેની અરજી દંપતિએ લગ્ન બાદના દિવ્યાંગ દંપતિના કાયમી વસવાટના જિલ્લામાં કરવાની રહેશે. અરજી મંજૂર કરનાર જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ અન્ય જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને અરજી મંજૂર કર્યાની જાણ કરવાની રહેશે.
- દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં બન્ને દિવ્યાંગ પતિ –પત્નીને આ યોજનાનો લાભ નિયત પુરાવા રજૂ કર્યેથી મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં અરજદાર સ્ત્રી પાસેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ સ્ત્રી લાભાર્થીને તેના રાજયમાંથી દિવ્યાંગ લગ્ન સહાય મેળવેલ નથી તે અંગેની બાહેંધરી મેળવી લેવાની રહેશે.
- આ યોજનાનો લાભ 21 પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને નીચે મુજબની ટકાવારી મુજબ આપવામાં આવે છે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| 1 | અંધત્વ, ઓછી દ્રષ્ટી, આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, રક્તપિત-સાજા થયેલ, એસીડના હુમલાનો ભોગ બનેલા, હલન-ચલન સાથેની અશકતતા, સેરેબલપાલ્સી, વામનતા, બહુવિધ સ્કલેરોસિસ - શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ | 40% કે તેથી વધુ |
| 2 | સાંભળવાની ક્ષતિ | 71 થી 100% |
| 3 | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઇજા જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, | 50% કે તેથી વધુ |

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| | બૌધ્ધિક અસમર્થતા, હિમોગ્લોબિનની ઘટેલી માત્રા, દીર્ધકાલીન અનેમિયા, માનસિક બિમાર, ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશકતતા, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, મલ્ટીપલ ડિસેબીલીટીઝ. | |

### (બી) સહાય શું મળી શકે છે?

- આ યોજના હેઠળ દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિ લગ્ન કરે ત્યારે યુગલ દીઠ રૂ. 50,000/- + રૂ. 50,000/- મળી કુલ રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ) સહાય મળવાપાત્ર છે.
- દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિને રૂ. 50,000/- ની સહાય આપવામાં આવે છે.

### (સી) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા (બિડાણ).

- રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ, વીજળી બીલ, ડ્રાઇવિંગ લાઇસન્સ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પૈકી કોઇ પણ એક).
- કન્યા / કુમારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
- અરજદારનું દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગ પ્રમાણપત્ર.
- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર.
- બેંક પાસબુકની નકલ / રદ કરેલ ચેક.



# નિરામયા આરોગ્ય વીમા યોજના

### (એ) લાભ કોને મળવાપાત્ર થાય?

- બૌધ્ધિક અસમર્થતા.
- સેરેબલ પાલ્સી (મગજનો લકવો).
- ઓટીઝમ (સ્વલીનતા).
- મલ્ટીપલ ડીસેબીલીટીઝ (બહુવિધ દિવ્યાંગતા) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે.

### (બી) ભરવાપાત્ર પ્રીમિયમ.

- લાભાર્થીની બી.પી.એલ. અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂ. 15,000/- સુધી હોય તેવા) દિવ્યાંગ લાભાર્થીને ભરવાપત્ર પ્રીમિયમ રૂ. 250/- અને એ.પી.એલ. (કૌટુંબિક માસિક આવક રૂ. 15,000/- થી વધુ હોય તેવા) દિવ્યાંગ લાભાર્થીને ભરવાપાત્ર પ્રીમિયમ રૂ. 500/- રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવશે.

### (સી) મળવાપાત્ર સહાય.

- આ યોજનામાં (એ)માં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ) સુધીનું આરોગ્ય વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી. દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારની વય જુથના દિવ્યાંગનો સમાવેશ થાય છે.

# બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના

## (એ) કોને લાભ મળી શકે?

- 50% કે તેથી વધુ બૌધ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી અને ઓટીઝમ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- 0 થી 79 વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓને લાભ મળવાપાત્ર છે.

## (બી) મળવાપાત્ર સહાય.

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. 1,000/- સહાય મળવાપાત્ર છે.

## (સી) અરજીપત્રક ક્યાંથી મળવાપાત્ર છે?

- આ યોજના હેઠળ અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએ રજૂ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે.

## (ડી) અરજી સાથે સામેલ કરવાના પુરાવા. (બિડાણ).

- રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ, વીજળી બીલ, ડ્રાઇવિંગ લાઇસન્સ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પૈકી કોઈ પણ એક).
- ઉંમરનો પુરાવો (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / જન્મનો દાખલો)
- દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક.
- બેંક પાસબુકની નકલ / રદ કરેલ ચેક.
- આધારકાર્ડની નકલ.

# દિવ્યાંગો માટે ઇલેક્ટ્રીક સ્કૂટર આપવાની યોજના

## (એ) કોને લાભ મળી શકે?

- 40% કે તેથી વધુ ફક્ત અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા સ્ત્રી અને પુરુષ બંન્નેને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- 18 થી 50 વર્ષના દિવ્યાંગ વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- બી.પી.એલ. યાદીમાં 0 થી 20 નો સ્કોર ધરાવનારને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. (SECC - 2011 (સામાજિક, આર્થિક, જાતિ આધારીત વસ્તી ગણતરી - 2011)) અન્વયે વંચિતતા ધરાવતા અને યાદીમાં સમાવિષ્ટ દિવ્યાંગોને ખાસ અગ્રતા આપવાની રહેશે.

## (બી) મળવાપાત્ર સહાય.

- આ યોજના હેઠળ લાભાર્થી સહાય મંજુર થયા બાદ લાભાર્થીએ પોતાના ફંડમાંથી જેડા માન્ય એજન્સીમાંથી ઇલેકટ્રીક સ્કૂટરની ખરીદી કર્યા બાદ રૂ. 25,000/- ની સહાય લાભાર્થીના બેંક અકાઉન્ટમાં સીધીજ (D.B.T.) જમા કરવામાં આવશે.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની લેખિત જાણકારી / મંજૂરી આદેશ તારીખથી લાભાર્થીએ 30 દિવસની મુદતમાં ઇલેકટ્રીક સ્કૂટરની ખરીદી કરવાની રહેશે પરંતુ અરજદારના આર્થિક સંજોગો તપાસતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને યોગ્ય જણાશે તો આવી મુદતમાં વધુમાં વધુ 60 દિવસ સુધી લંબાવી શકાશે.
- મંજૂર કરેલ લાભાર્થીએ આ યોજના હેઠળ જો લો-સ્પીડ વાળું ઇ-સ્કૂટર ખરીદવું હોય તો તે જેડા માન્ય એજન્સીમાંથી ખરીદવાનું રહેશે અને જો હાઇ-સ્પીડ ધરાવતું ઇ-સ્કૂટર ખરીદવું હશે તો ફેમ-2 અંતર્ગત ખરીદી કરવાની રહેશે. પસંદ કરેલ ઇ-સ્કૂટર માટે ડ્રાઇવિંગ લાઇસન્સની જરૂરિયાત હશે તો તે પણ લાભાર્થીએ રજૂ કરવાનું રહેશે.

## (સી) અરજીપત્રક ક્યાથી મળવાપાત્ર છે?

- આ યોજના હેઠળ દરેક નાણાકીય વર્ષમાં વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે છે ત્યારબાદ અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએ રજૂ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની છે.

વૃદ્ધ કલ્યાણ

# યોજનાઓ

- ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના
- નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના (રાજ્ય સરકારની યોજના)
- વૃદ્ધ સહાય મેળવતા સિનિયર સિટીઝનો માટે રૂ. 5,000/- ની સહાય માટેની અંત્યેષ્ઠી સહાય યોજના
- રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ)

# ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના

## (એ) કોને લાભ મળી શકે?

- 60 વર્ષ કે તેથી વધુ ઉંમરના વૃદ્ધ.
- અરજદાર ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોય અને ગરીબી રેખા હેઠળ (B.P.L.) યાદીમાં 0 થી 20 નાં સ્કોરમાં સમાવિષ્ટ હોવો જોઇએ.
- શહેરી વિસ્તારના અરજદારો માટે કેન્દ્ર સરકારનાં અર્બન હાઉસિંગ & પોર્વટી એલીવેશન મંત્રાલયનાં ગરીબી નિવારણ કાર્યક્રમોનાં સંદર્ભમાં તૈયાર કરવામાં આવતી B.P.L. યાદીમાં સમાવિષ્ટ હોવો જોઇએ.

## (બી) લાભ શું મળવાપાત્ર થાય?

- 60 થી 79 વર્ષ સુધીની વયનાં લાભાર્થીને રૂ. 1,000/- જેમાં રૂ. 200/- કેન્દ્રનાં અને રૂ. 800/- રાજ્ય સરકારનાં, જયારે 80 વર્ષ કે તેથી વધુ વયનાં લાભાર્થીને રૂ. 1,250/- જેમાં કેન્દ્રનાં રૂ. 500/- અને રાજ્યનાં રૂ. 750/- ચુકવવામાં આવે છે.

## (સી) અરજીપત્રક ક્યાંથી મળે?

- જિલ્લા કલેક્ટર કચેરી / જનસેવા કેન્દ્ર.
- મામલતદાર કચેરીથી આ અરજીપત્રક વિનામૂલ્યે મેળવી શકાશે.
- ગ્રામ્ય કક્ષાએથી (V.C.E.) ગ્રામ પંચાયતથી અરજી ઓનલાઇન કરી શકાય છે.

## (ડી) અરજીપત્રક સાથે જોડાવાના દસ્તાવેજો.

- ઉંમરનું પ્રમાણપત્ર / શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / ડોક્ટરશ્રી દ્વારા આપવામાં આવેલ વય પ્રમાણપત્ર.
- ગરીબી રેખાની યાદી પર નામ હોવાનું પ્રમાણપત્ર.
- આધારકાર્ડ.
- બેંક ખાતાની / પોસ્ટ ખાતાની પાસબુકની નકલ.

## (ઈ) અરજી આપવાનું સ્થળ તથા અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા.

- સબંધિત જે તે જિલ્લાના જનસેવા કેન્દ્ર, મામલતદાર કચેરી, ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતથી ઓનલાઇન અરજી કરી શકાય. અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા સબંધિત મામલતદાર કચેરીને સોંપવામાં આવેલ છે.

## (એફ) સહાયની ચુકવણી.

- ડી.બી.ટી. (DBT) દ્વારા ચૂકવાય છે. પોસ્ટ અથવા બેંક એકાઉન્ટનાં વિકલ્પ આપવામાં આવે છે.

# નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના
# (રાજ્ય સરકારની યોજના)

## (A) આવક મર્યાદા ધરાવતા અરજદારો માટે પાત્રતાનાં ધોરણો

### (એ) કોને લાભ મળી શકે?

- 60 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં નિરાધાર વૃદ્ધ.
- દિવ્યાંગ વ્યક્તિનાં કિસ્સામાં 75% થી વધારે દિવ્યાંગતા હોય અને 45 કે તેથી વધુ ઉંમરની વયમર્યાદા હોવી જોઇએ.
- પુત્ર કે પૌત્ર 21 કે તેથી વધુ વર્ષનો ના હોવો જોઇએ, પરતું, જો હયાત હોય અને તે માનસિક અસ્થિર અથવા દિવ્યાંગતા ધરાવતો હોય અને કમાવવાને અશક્તિમાન હોય અથવા કેન્સર, ટી.બી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તો તેવા વૃદ્ધ કે નિરાધાર દિવ્યાંગ પણ અરજી કરી શકશે. (પરતું જો તેમના પુખ્ત ઉંમરના પુત્રની ઉપર જણાવેલ ગંભીર પ્રકારની બિમારી અંગે સિવિલ સર્જન પાસેથી પ્રમાણપત્ર રજુ કરે તો સહાયને પાત્ર થશે. ટી.બી.ની બિમારીમાંથી સ્વસ્થ અને કમાવવાને શક્તિમાન થયે સહાય બંધ થશે.)
- અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર રૂ. 1,20,000/- અને શહેરી વિસ્તાર રૂ. 1,50,000/- થી વધુ ન હોવી જોઇએ
- ઓછામાં ઓછા 10 વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ કરતો હોય.
- 60 થી વધુ વય ધરાવનાર દંપતી / બન્નેને મળે.

**(અથવા)**

## (B) ગરીબી રેખા નીચે (B.P.L.) સમાવિષ્ટ થતાં અરજદારો માટે પાત્રતાના ધોરણો :

### (એ) કોને લાભ મળી શકે?

- 60 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતી વ્યક્તિ.
- અરજદાર ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોય અને ગરીબી રેખા હેઠળ (B.P.L.) યાદીમાં 0 થી 20 નાં સ્કોરમાં સમાવિષ્ટ હોવો જોઇએ.
- શહેરી વિસ્તારના અરજદારો માટે કેન્દ્ર સરકારનાં અર્બન હાઉસિંગ & પોર્વટી એલીવેશન મંત્રાલયનાં ગરીબી નિવારણ કાર્યક્રમોનાં સંદર્ભમાં તૈયાર કરવામાં આવતી B.P.L. યાદીમાં સમાવિષ્ટ હોવો જોઇએ.
- ઓછામાં ઓછા 10 વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ કરતો હોય.
- 60 થી વધુ વય ધરાવનાર દંપતી / બન્નેને મળે.

## (બી) લાભ શું મળવાપાત્ર થાય?

- 60 થી 79 વર્ષ સુધીના લાભાર્થીને રૂ. 1,000/- અને 80 વર્ષ કે તેથી વધુ વયનાં લાભાર્થીને રૂ. 1,250/- ની માસિક સહાય ચૂકવવામાં આવે છે.

## (સી) અરજીપત્રક ક્યાંથી મળે?

- જિલ્લા કલેકટર કચેરી / જનસેવા કેન્દ્ર.
- મામલતદાર કચેરીથી આ અરજીપત્રક વિનામૂલ્યે મેળવી શકાશે.
- ગ્રામ્ય કક્ષાએથી (V.C.E.) ગ્રામ પંચાયતથી અરજી ઓનલાઈન કરી શકાય છે.

## (ડી) અરજીપત્રક સાથે જોડાવાના દસ્તાવેજો.

- ઉંમરનું પ્રમાણપત્ર / શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / ડોક્ટરશ્રી દ્વારા આપવામાં આવેલ વય પ્રમાણપત્ર.
- આવકનો દાખલો.
- દિવ્યાંગતાના કિસ્સામાં દિવ્યાંગતાનું પ્રમાણપત્ર.
- બિમારી અંગે સિવિલ સર્જન પાસેથી પ્રમાણપત્ર.
- 21 વર્ષ થી મોટી ઉંમરનો પુત્ર ન હોવાનું પ્રમાણપત્ર.
- આધારકાર્ડ.
- બેંક ખાતાની / પોસ્ટ ખાતાની પાસબુકની નકલ.
- રેશનકાર્ડ.

## (ઈ) અરજી આપવાનું સ્થળ તથા અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા.

- સબંધિત જે તે જિલ્લાના જનસેવા કેન્દ્ર, મામલતદાર કચેરી, ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતથી ઓનલાઈન અરજી કરી શકાય. અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા સબંધિત મામલતદાર કચેરીને સોંપવામાં આવેલ છે.

## (એફ) સહાયની ચુકવણી.

- ડી.બી.ટી. (DBT) દ્વારા ચૂકવાય છે. પોસ્ટ અથવા બેંક એકાઉન્ટનાં વિકલ્પ આપવામાં આવે છે.

# વૃદ્ધ સહાય મેળવતા સિનિયર સિટીઝીનો માટે
# રૂ. 5,000/- ની સહાય માટેની અંત્યેષ્ઠી સહાય યોજના

## (એ) કોને લાભ મળી શકે?

- વૃદ્ધ સહાય મેળવતાં સિનિયર સિટીઝનનું અવસાન થતાં તેના વારસદારને સહાય મળશે.

## (બી) લાભ શું મળવાપાત્ર થાય?

- સિનિયર સિટીઝનના વારસદારોને રૂ. 5,000/- ની એક વખત સહાય મળવાપાત્ર થાય છે.

## (સી) અરજીપત્રક ક્યાંથી મળે?

- જિલ્લા કલેક્ટર કચેરી / જનસેવા કેન્દ્ર.
- મામલતદાર કચેરીથી આ અરજીપત્રક વિનામૂલ્યે મેળવી શકાશે.
- ગ્રામ્ય કક્ષાએથી (V.C.E.) ગ્રામ પંચાયતથી અરજી ઓનલાઈન કરી શકાય છે.

## (ડી) અરજીપત્રક સાથે જોડવાના દસ્તાવેજો.

- વૃદ્ધ સહાય મંજૂરીનો હુકમ / ઓનલાઈન નોંધાયેલ પેન્શન નંબર અથવા પેન્શન જમા થતું હોય તેવો બેંક એકાઉન્ટ નંબર તથા અવસાન અંગેનો દાખલો.
- રેશનકાર્ડની નકલ.
- અરજદારની બેંક ખાતાની / પોસ્ટ ખાતાની પાસબુકની નકલ.
- અરજદારનો આધાર નંબર.
- એક કરતા વધારે વારસદાર હોય તેવા કિસ્સામાં તમામ વારસદારનું સંમતિ પત્રક.

## (ઈ) અરજી આપવાનું સ્થળ તથા અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા.

- સબંધિત જે તે જિલ્લાના જનસેવા કેન્દ્ર, મામલતદાર કચેરી, ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતથી ઓનલાઈન અરજી કરી શકાય. અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા સબંધિત મામલતદાર કચેરીને સોંપવામાં આવેલ છે.

## (એફ) સહાયની ચુકવણી.

- ડી.બી.ટી. (DBT) દ્વારા ચૂકવાય છે. પોસ્ટ અથવા બેંક એકાઉન્ટનાં વિકલ્પ આપવામાં આવે છે.

# રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ)

## (એ) કોને લાભ મળી શકે?

- સહાયની પાત્રતા માટે ભારત સરકારે નક્કી કરેલ ધોરણો મુજબ ગરીબી રેખા 0 થી 20 સ્કોરની યાદીમાં કુટુંબનો સમાવેશ થયેલ હોવો જોઇએ.
- કુટુંબનો મુખ્ય કમાનાર વ્યક્તિ (સ્ત્રી કે પુરુષનું) મૃત્યુ થયેલ હોવું જોઇએ.
- મૃત્યુ પામનાર પુરુષ કે સ્ત્રીની ઉંમર 18 થી વધુ અને 60 વર્ષથી ઓછી હોવી જોઇએ.
- મૃત્યુ પછીના બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

## (બી) લાભ શું મળવાપાત્ર થાય?

- કુદરતી કે અકસ્માતે મૃત્યુ પામનારના કુટુંબને રૂ. 20,000/- ની સહાય એક વખત આપવામાં આવે છે.

## (સી) અરજીપત્રક ક્યાંથી મળે?

- જિલ્લા કલેકટર કચેરી / જનસેવા કેન્દ્ર.
- મામલતદાર કચેરીથી આ અરજીપત્રક વિનામૂલ્યે મેળવી શકાશે.
- ગ્રામ્ય કક્ષાએથી (V.C.E.) ગ્રામ પંચાયતથી અરજી ઓનલાઈન કરી શકાય છે.

## (ડી) અરજીપત્રક સાથે જોડાવાના દસ્તાવેજો.

- મુત્યુ પામનાર વ્યક્તિના મરણનું પ્રમાણપત્ર.
- મુત્યુ પામનાર વ્યક્તિના ઉંમરનો પુરાવો.
- ગરીબી રેખાની યાદી પર નામ હોવાનુ પ્રમાણપત્ર.
- રેશનકાર્ડની નકલ.
- બેંક ખાતાની / પોસ્ટ ખાતાની પાસબુકની નકલ.

## (ઈ) અરજી આપવાનું સ્થળ તથા અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા.

- સબંધિત જે તે જિલ્લાના જનસેવા કેન્દ્ર, મામલતદાર કચેરી, ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતથી ઓનલાઈન અરજી કરી શકાય. અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા સબંધિત મામલતદાર કચેરીને સોંપવામાં આવેલ છે.

## (એફ) સહાયની ચુકવણી.

- ડી.બી.ટી. (DBT) દ્વારા ચૂકવાય છે. પોસ્ટ અથવા બેંક એકાઉન્ટનાં વિકલ્પ આપવામાં આવે છે.

બાળ કલ્યાણ

## યોજનાઓ

- પાલક માતા-પિતા યોજના
- પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીઓને લગ્ન સહાય યોજના
- શેરો પોઝીટીવ ઇલનેશ શિષ્યવૃતિ યોજના
- કેદી સહાય યોજના



# પાલક માતા-પિતા યોજના

## (એ) લાભ કોને મળવાપાત્ર થાય છે?

- ગુજરાતમાં વસતા 0 થી 18 વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકોને કે જેના માતા–પિતા હયાત નથી અથવા પિતાનું અવસાન થવાથી માતાએ પુન: લગ્ન કરેલ હોય તેવા કિસ્સામાં બાળક માતા સાથે ન રહેતું હોય અથવા માતાનું અવસાન થવાથી પિતાએ પુન:લગ્ન કરેલ હોય તેવા કિસ્સામાં બાળક પિતા સાથે ન રહેતું હોય અને સગા-સંબંધી પાસે રહેતુ હોય તેવા બાળકોને.

## (બી) યોજના હેઠળ મળવાપાત્ર લાભ.

- અનાથ બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને માસિક રૂ. 3,000/- સહાય પેટે ચુકવવામાં આવે છે.

## (સી) અરજીપત્રક સાથે સામેલ કરવાના પુરાવા.

- પાલક માતા–પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 27,000/- અને શહેરી વિસ્તારમાં રૂ. 36,000/- થી વધારે હોવાનો મામલતદાર / તલાટી કમ મંત્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રીનો દાખલો.
- આંગણવાડીમાં જતાં / શાળામાં અભ્યાસ કરતાં બાળકોનું પ્રમાણપત્ર દર વર્ષે મેળવવાનું રહેશે.

## (ડી) લાભ કોને મળે ? અથવા ક્યારે લાભ મળતો બંધ થાય છે?

- બાળક અભ્યાસ બંધ કરે અથવા 18 વર્ષ પુરા કરે ત્યારે.
- રાજ્ય / કેન્દ્રની આવી જ કોઈ યોજનાનો લાભ મેળવનારને.

## (ઈ) યોજનાનું અમલીકરણ.

- પાલક માતા–પિતા યોજનાનું અમલીકરણ જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી કરે છે.

# પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીઓને લગ્ન સહાય યોજના

## (એ) લાભ કોને મળવાપાત્ર થાય છે?

- પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીઓને લગ્ન સમયે કુલ રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ) સહાય આપવી.

## (બી) યોજનાના ધારા-ધોરણો.

- પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી પૈકી તા. 01/04/2023 ના રોજ કે ત્યારબાદ લગ્ન કરનાર દિકરીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- આ યોજનાનો લાભ એક જ વાર મળશે.
- આ યોજનાના લાભાર્થી દ્વારા લગ્ન થયા તારીખથી 2 વર્ષની અંદર અરજી કરવાની રહેશે.
- સહાયની રકમ ડી.બી.ટી. (DBT) મારફતે આપવામાં આવશે, આ રકમ લાભાર્થી દિકરીના બેંક ખાતામાં ડી.બી.ટી. (DBT) મારફતે એકસાથે જમા થશે.

## (સી) અરજી સાથે રજુ કરવાના દસ્તાવેજો.

- દિકરીના જન્મ તારીખનો પુરાવો.
- દિકરી જેની સાથે લગ્ન કરવાની છે તેની જન્મ તારીખનો પુરાવો.
- પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળસેવા યોજનાનો લાભ મેળવેલ હોય તેનો પુરાવો.
- લગ્ન નોંધણીનો દાખલો.
- દિકરીનું આધારકાર્ડ.
- દિકરીના બેંક એકાઉન્ટની વિગતો (રદ કરેલો ચેક અથવા બેંક એકાઉન્ટ નંબરવાળું પાસબુકના પાનાની નકલ).

## (ડી) અરજી કરવાનું સ્થળ અને મંજૂર સત્તાધિકારી.

- આ યોજનાનો લાભ લેવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી / જિલ્લા બાળ સુરક્ષા એકમ ખાતે અરજી કરવાની રહેશે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા અરજી મંજૂર કરવાની રહેશે.

# શેરો પોઝીટીવ ઇલનેશ શિષ્યવૃતિ યોજના

## (એ) યોજનાની પાત્રતા.

- આ યોજનાનો લાભ શેરો પોઝીટીવ ઇલનેશના કારણે અનાથ, નિરાધાર થયેલ બાળકોને મળવાપાત્ર છે.
- બાળક અથવા તેના માતા કે પિતા અથવા બન્ને શેરો પોઝીટીવ ઇલનેશના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર છે.

## (બી) અરજી સાથે રજુ કરવાના થતા કાગળો (પ્રમાણિત).

- શેરો પોઝીટીવ ઇલનેશથી પીડાતા હોવાનું સિવિલ હોસ્પિટલ કે ગુજરાત એઇડસ કંટ્રોલ સોસાયટીનું પ્રમાણપત્ર.
- બાળકના જન્મ તારીખનો દાખલો. (લિવિંગ સર્ટિફિકેટ)
- બાળકોનો ચાલુ અભ્યાસનો દાખલો. (બોનાફાઇડ)
- બાળકની બેંક પાસબુકની નકલ.
- બાળકનું આધારકાર્ડ.
- બાળકોના વાલીનું આધારકાર્ડ, ચુંટણીકાર્ડની નકલ.
- બાળક હોસ્ટેલમાં રહેતું હોય તો હોસ્ટેલમાં રહેવા અંગેનું પ્રમાણપત્ર.
- બાળકે છેલ્લું ધોરણ પાસ કર્યાની માર્કશીટની નકલ.
- અરજી ફોર્મ જે તે જિલ્લાની સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએથી વિનામુલ્યે મળશે.

## (સી) યોજના હેઠળ મળવાપાત્ર લાભ.

| ક્રમ | કક્ષા | શિષ્યવૃતિનો દર |
|---|---|---|
| 1 | ધોરણ 1 થી 5 સુધીના | રૂ. 500/- (માસિક રૂ. 50/- લેખે દસ માસ માટે) સ્કૂલ યુનિફોર્મના ખર્ચ પેટે રૂ. 1,500/- વાર્ષિક ઉચ્ચક |
| 2 | ધોરણ 6 થી 10 સુધીના | રૂ. 1,000/- (માસિક રૂ. 100/- લેખે દસ માસ માટે) સ્કૂલ યુનિફોર્મના ખર્ચ પેટે રૂ. 1,500/- વાર્ષિક ઉચ્ચક |
| 3 | હાયર સેકન્ડરી ધોરણ 11 અને 12 ડે સ્કોલર માટે | રૂ. 4,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 400/- પ્રમાણે દસ માસ માટે) |

| ક્રમ | કક્ષા | શિષ્યવૃતિનો દર |
|---|---|---|
| | હોસ્ટેલર માટે | રૂ. 10,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 400/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ. 600/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ દસ માસ માટે) |
| 4 | બી.એ. / બી.કોમ. / બી.એસ.સી. અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમના ડે સ્કોલર માટે | રૂ. 6,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 600/- પ્રમાણે દસ માસ માટે) |
| | હોસ્ટેલર માટે | રૂ. 12,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 600/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ. 600/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ દસ માસ માટે) |
| 5 | તબીબી અને આર્યુવેદિક તથા હોમિયોપેથિક અભ્યાસક્રમમાં ડિગ્રી કોર્સ જેવા કે બી.એડ., બી.ઇ., બી.ટેક., એલ.એલ.બી., એમ.બી.એ. તથા સમકક્ષ અભ્યાસક્રમ તેમજ ડિપ્લોમા અભ્યાસક્રમના ડે સ્કોલર માટે | રૂ. 10,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 1,000/- પ્રમાણે દસ માસ માટે) |
| | હોસ્ટેલર માટે | રૂ. 16,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 1,000/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ. 600/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ માટે દસ માસ માટે) |
| 6 | અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો જેવા કે એમ.એસ.સી. / એમ.ફિલ. / એલ.એલ.એમ. / એમ.એડ. વિગેરે ડે સ્કોલર માટે | રૂ. 10,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 1,000/- પ્રમાણે દસ માસ માટે) |
| | હોસ્ટેલર માટે | રૂ. 16,000/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ. 1,000/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ. 600/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ માટે દસ માસ માટે) |

# કેદી સહાય યોજના

## (એ) લાભ કોને મળવાપાત્ર થાય છે?

- બંદીવાન (કેદી) ને પાંચ વર્ષ કે તેથી વધુની સજા થયેલ હોય, તેઓ જ એક માત્ર કમાવનાર વ્યક્તિ હોય
- તેમજ આવક મર્યાદા શહેરી વિસ્તારમાં રૂ. 1,50,000/- કે તેથી ઓછી અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 1,20,000/- કે તેથી ઓછી હોય તેવા કેદીઓના કુટુંબીજનોને આ યોજનાનો લાભ મળે છે.

## (બી) યોજના હેઠળ મળવાપાત્ર લાભ.

- કેદીના કુટુંબીને રૂ. 25,000/- ની સહાય એક વખત મળવાપાત્ર થાય છે.

## (સી) અરજી સાથે સામેલ કરવાના પુરાવા.

- કુટુંબના બધા સાધનોમાંથી મળીને વાર્ષિક આવક શહેરી વિસ્તારમાં રૂ. 1,50,000/- કે તેથી ઓછી અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 1,20,000/- કે તેથી ઓછી હોવાનો સક્ષમ સત્તામંડળનો દાખલો.
- સંબંધિત વ્યવસાયની જાણકારી હોય અને સહાયનો ઉપયોગ કરી શકે તેમ હોય.
- બેંક પાસબુકની નકલ

## (ડી) અરજીફોર્મ મેળવવાનું સ્થળ.

- રાજ્યની દરેક મધ્યસ્થ જેલો / જિલ્લા જેલો તેમજ સમાજ સુરક્ષાની વેબસાઇટ www.sje.gujarat.gov.in/dsd/form પરથી મેળવી શકાશે.

## (ઇ) ભરેલ ફોર્મ પરત આપવાનું સ્થળ.

- બંદીવાન (કેદી) દ્વારા પોતાનું ભરેલ અરજીપત્રક જે-તે મધ્યસ્થ જેલ / જિલ્લા જેલ ખાતેના જેલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી / વેલ્ફેર ઑફિસરશ્રીને પરત કરવાનું રહેશે. સહાય મંજૂર કરવાની ભલામણ સંબંધિત મધ્યસ્થ જેલો / જિલ્લા જેલો ખાતે રચાયેલ કેદી સહાય સમિતિ કરે છે.

## (એફ) સહાય ચુકવણીની પધ્ધતિ.

- સહાયની રકમ લાભાર્થીના બેંક ખાતામાં સીધી ઇ–પેમેન્ટથી જમા કરવામાં આવે છે.

સાફલ્ય ગાથા

# સાફલ્ય ગાથાઓ

- સાફલ્ય ગાથા - પાલક માતા-પિતા યોજના
- સાફલ્ય ગાથા - દિવ્યાંગ લગ્ન સહાય યોજના

# સાફલ્ય ગાથા :- પાલક માતા-પિતા યોજના

- હું ગુજરાત રાજયની રહેવાસી છુ, મારા પુત્રનું બિલ્ડીંગ પરથી આકસ્મિક રીતે પડી જવાથી અવસાન થતા પુત્રવધુ દ્વારા પુનઃ લગ્ન કરવામાં આવેલ, તેમના પાંચ બાળકો નિરાધાર બન્યા. પાંચ બાળકોના ઉછેર અને ભરણપોષણની જવાબદારી આવતા, જેના કારણે હું મુશ્કેલ પરીસ્થિતીમાં મુકાઇ ગઇ અને હવે પાંચ બાળકોનું જીવનનિર્વાહ, ભરણ પોષણ, શિક્ષણનું શું કરીશ અને કેવી રીતે કરીશ? એવા વિચારોથી ચિંતામાં મુકાઈ ગઇ.

- ઘરની પરીસ્થિતી નબળી હોવાના કારણે મોટી દિકરી સુમને મદદ અર્થે અભ્યાસ છોડી બાળ મંજુરી કરવાની ફરજ પડી. જેની જાણ જિલ્લા બાળ સમાજ સુરક્ષા એકમને થતા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ગુજરાત સરકારની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પાલક માતા પિતા યોજનાની માહિતી આપવામાં આવેલ, પરંતુ મારી પાસે માપદંડ મુજબના દસ્તાવેજ ઉપલબ્ધ ના હોવાથી જિલ્લા બાળ સુરક્ષા એકમની સાથે રહીને બેંક ખાતા, આવકનો દાખલો વગેરે કઢાવી આપેલ જેના કારણે યોજનાકિય લાભ મળતો થયો.

- આ યોજનાનો લાભ મળવાથી દર મહિને પાંચ બાળકોને પ્રતિ માસ દિઠ રૂ. 3,000/- ની સહાય મળે છે. હવે મોટી દિકરી સુમન પણ પુનઃ અભ્યાસ શરૂ કરી દિધો છે. બાળકોને જીવન જરૂરીયાતની પુરતી સુવિધાઓ ઉપલબ્ધ થતા સ્વમાનભેર પોતાનું જીવન નિર્વાહ કરતા અને અભ્યાસ કરતા થયા. ખરેખર, ગુજરાત સરકારની પાલક માતા-પિતા યોજના અનાથ અને નિરાધાર બાળકો માટે જીવાદોરી સમાન યોજના છે.

# સાફલ્ય ગાથા :- દિવ્યાંગ લગ્ન સહાય યોજના

- મારું નામ માથકીયા સરફૂનીશા તોફિકભાઈ છે. અમો મું. કોઠી, તા. વાંકાનેર, જી. મોરબી ના રહેવાસી. અમો બંને પતિ-પત્ની દિવ્યાંગ છીએ અને અમો એ લગ્ન કરેલ છે. અમારા પાસે રોજગારી માટે કોઈ સાધન ન હતું અને અમે બંને પતિ-પત્ની ખેતમજૂરી કરતાં જેથી વારંવાર હેરાનગતિનો સામનો કરતા ઘણીવાર તો  જીવન જરૂરિયાત્ર ચીજવસ્તુ વિના પણ ચલાવી લેવું પડતું અને આ રીતે અમે પોતાનું ગુજરાન ચલાવતા હતા. અમારી આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી આના કારણે અમારા દાંપત્ય જીવનમાં ઘણી વખત નિરાશાઓનો અનુભવ કરતાં તેવું પણ બનેલ છે.

- મને મૂકબદ્ધિર દિવ્યાંગતા હોવાથી સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય દ્વારા અમને રૂ. 50,000/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા મળેલ છે. આ સહાયથી અમોએ ઇમિટેશનનો ધંધો શરૂ કરેલ છે. જેનાથકી ધંધામાં દર માસે રૂ. 5,000/- જેટલી કમાણી કરી શકું છું અને અમારા પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ. આ સહાય મળ્યા બાદ અમારી આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં પણ બદલાવ આવેલ છે. આથી આ સહાય અમારા માટે જીવાદોરી સમાન છે. ખરેખર આ સહાયથી અમે પોતાના પગભર થયા છીએ.





# સમાજ સુરક્ષા ખાતા દ્વારા અમલવારી કરવામાં આવતા કાયદાઓ

સમાજ સુરક્ષા ખાતાં દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ સંસ્થાકીય તેમજ બિન સંસ્થાકીય માળખાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં સમાજનાં નબળા વર્ગો તેમજ ખાસ પ્રકારના જરૂરિયાતમંદ વર્ગો જેવા કે, અનાથ, નિરાધાર બાળકો, દિવ્યાંગ, ટ્રાન્સજેન્ડર અને વૃદ્ધો માટે પુન: સ્થાપન માટે વિવિધ રીતે કાર્યરત છે.

**રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના જુદા જુદા કાયદાઓના અમલ દ્વારા ઉપર જણાવેલ ઉદ્દેશો સિદ્ધ કરવાની કામગીરી કરવામાં આવે છે.**

- જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ - 2015.
- જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ - 2012.
- ધી રાઇટ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એક્ટ - 2016.
- પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ - 1958.
- ભિક્ષા પ્રતિબંધક ધારો - 1959.
- બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ - 2006.
- નેશનલ ટ્રસ્ટ એક્ટ - 1999.
- ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ - 2007.
- ભારતીય પુન:વસન સંસ્થાન ધારો - 1992.
- ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના (અધિકારોનું રક્ષણ) અધિનિયમ, 2019.
- સમાજ સુરક્ષા ખાતાની તમામ કલ્યાણકારી યોજનાઓ અને ઉપરોક્ત કાયદા અન્વયે કાયદાકીય જોગવાઈ તથા દત્તક ગ્રહણ વિનિમય, 2017 અમલમાં છે.

# સમાજ સુરક્ષા પ્રભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના નામ / સરનામાની અને સંપર્ક નંબરની વિગતો

| ક્રમ. | કચેરીનુ નામ | કચેરીનું સરનામુ | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| 1 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. અમદાવાદ | બ્લોક - બી, ભોંયતળીયે, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ - 380001. | 079 25508712 |
| 2 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. ગાંધીનગર | સહયોગ સંકુલ, બ્લોક - એ, ભોંયતળીયે, ગાંધીનગર - 382011. | 079 23253266 / 23242521 |
| 3 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. મહેસાણા | બહુમાળી ભવન, બ્લોક નં. 1, રૂમ નં. જી/4, મહેસાણા - 384001. | 02762/ 221431 |
| 4 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. પાટણ | જિલ્લા સેવા સદન, બ્લોક બી, રૂમ નં. 11, ભોંયતળીયે, પાટણ - 384265. | 02766/ 222651 |
| 5 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, પાલનપુર, જિ. બનાસકાંઠા | જિલ્લા સેવા સદન - 2, જોરાવર પેલેસ કંપાઉન્ડ, ભોંયતળીયે, પાલનપુર, બનાસકાંઠા - 385001. | 02742/ 252478 |
| 6 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, હિંમતનગર, જિ. સાબરકાંઠા | બહુમાળી ભવન, બ્લોક બી, ભોંયતળીયે, હિંમતનગર - 383001. | 02772/ 241598 |
| 7 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. અરવલ્લી | જિલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. 4, મોડાસા, અરવલ્લી - 383315. | 02774/ 250230 |
| 8 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. સુરેન્દ્રનગર | બહુમાળી ભવન, બ્લોક એ, રૂમ નં. 5, ખેરાળી રોડ, સુરેન્દ્રનગર - 363001. | 02752/ 285552 |

| ક્રમ. | કચેરીનુ નામ | કચેરીનું સરનામુ | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| 9 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. ભાવનગર | બહુમાળી મકાન, જી - 1, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ભાવનગર - 364001. | 0278/ 2425609 |
| 10 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. બોટાદ | જિલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, A - વીંગ, રૂમ નં. 8,9, ખસ રોડ, બોટાદ - 364710. | 02849/ 271323 |
| 11 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. અમરેલી | બહુમાળી ભવન, બ્લોક-એ, રૂમ નં. 1, ભોંયતળીયે, અમરેલી - 365601. | 02792/ 223029 |
| 12 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. રાજકોટ | બહુમાળી ભવન, બ્લોક નં. 5, ભોંયતળીયે, રાજકોટ - 360001. | 0281/ 2448590 |
| 13 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. મોરબી | જિલ્લા સેવા સદન, બ્લોક નં. 5/9, ભોંયતળીયે, સી ઓરડી સામે, મોરબી - 363642. | 02822/ 242533 |
| 14 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. જુનાગઢ | બહુમાળી ભવન, બ્લોક નં. 2, સરદારબાગ, તાલુકા સેવા સદન સામે, જુનાગઢ - 362001. | 0285/ 2624546 |
| 15 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, વેરાવળ, જિ. ગીર સોમનાથ | જિલ્લા સેવા સદન, રૂમ નં. 158, ભોંયતળીયે, મુ. ઇણાજ, તા.વેરાવળ, ગીર સોમનાથ - 362265. | 02876/ 245712 |
| 16 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. પોરબંદર | જિલ્લા સેવા સદન - 2, રૂમ નં. 5, ભોંયતળીયે, પોરબંદર - 360575. | 0286/ 2220313 |
| 17 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિ. જામનગર | જિલ્લા સેવા સદન - 4, રાજપાર્ક પાસે, રાજકોટ રોડ, જામનગર - 361001. | 0288/ 2570306 |

| ક્રમ. | કચેરીનુ નામ | કચેરીનું સરનામુ | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| 18 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ખંભાળિયા, જિ. દેવભૂમિ દ્વારકા | જિલ્લા સેવા સદન, એ - જી /3/5/7, લાલપુર રોડ, ખંભાળિયા, દેવભૂમિ દ્વારકા - 361305. | 02633/ 234469 |
| 19 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભુજ, જિ. કચ્છ | જુની મામલતદાર કચેરી, સેવા સદન, ભોંયતળિયે, મુંદ્રા રોડ, લેઉઆ હોસ્પિટલની બાજુમાં, ભુજ, કચ્છ - 370001. | 02832/ 256038 |
| 20 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. વડોદરા | નર્મદા ભુવન, સી બ્લોક, પહેલો માળ, જેલ રોડ, વડોદરા - 390001. | 0265/ 2428048 |
| 21 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. છોટા ઉદેપુર | જિલ્લા સેવા સદન, બ્લોક - બી, રૂમ નં. 4, સંકલન હોલની બાજુમાં, છોટા ઉદેપુર - 391165. | 02669/ 233384 |
| 22 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. છોટા ઉદેપુર | સરદાર પટેલ ભવન, બહુમાળી સંકુલ, સી બ્લોક, નડીયાદ, ખેડા - 387001. | 0268/ 2550640 |
| 23 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. આણંદ | જુની કલેકટર કચેરી, અમુલ ડેરી રોડ, અતિથી ગૃહની બાજુમાં, આણંદ - 388001. | 02692/ 253210 |
| 24 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. ભરૂચ | બહુમાળી મકાન, ગાયત્રીનગર, ભોંયતળીયે, ભરૂચ - 391001. | 02642/ 263823 |
| 25 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, રાજપીપળા, જિ. નર્મદા | જિલ્લા સેવા સદન, રૂમ નં. 11, ભોંયતળીયે, રાજપીપળા, નર્મદા - 393145. | 02640/ 224575 |

| ક્રમ. | કચેરીનુ નામ | કચેરીનું સરનામુ | કચેરીનો સંપર્ક નંબર |
|---|---|---|---|
| 26 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, ગોધરા, જિ. પંચમહાલ | બહુમાળી બીલ્ડીંગ, પહેલો માળ, કલેક્ટર કચેરી કંપાઉન્ડ, ગોધરા, પંચમહાલ - 389001. | 02672/ 241487 |
| 27 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. મહીસાગર | જુની મામલતદાર કચેરી કંપાઉન્ડ, લુણાવાડા, મહીસાગર - 389230. | 02674/ 252968 |
| 28 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. દાહોદ | જિલ્લા સેવા સદન, રૂમ નં. 19, ભોંયતળીયે, છાપરી, દાહોદ - 389151. | 02673/ 239225 |
| 29 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. સુરત | જિલ્લા સેવા સદન - 2, અઠવાલાઇન્સ, સુરત - 395003. | 0261/ 2651467/ 52 |
| 30 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. તાપી | જિલ્લા સેવા સદન, બ્લોક નં. 4, પાન વાડી, મુ. વ્યારા, તાપી - 394650. | 02626/ 222210 |
| 31 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, આહવા, જિ. ડાંગ | સેવા સદન સંકુલ, મુ. આહવા, ડાંગ - 394710. | 02631/ 220629 |
| 32 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. વલસાડ | જુની કલેક્ટર બીલ્ડીંગ, બ્લોક નં. 8, પહેલો માળ, ધરમપુર રોડ, વલસાડ - 396001. | 02632/ 242763 |
| 33 | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ. નવસારી | બહુમાળી મકાન, વિભાગ - એ, ભોંયતળીયે, જુના થાણા, નવસારી - 396445. | 02637/ 232440 |

## નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગની વધુ માહિતી મેળવવા સંપર્ક કરો

**Website**
https://sje.gujarat.gov.in/dsd

**Youtube**
https://www.youtube.com/@Sjeddepttgujarat

**Twitter**
https://twitter.com/SJEDGujarat

**Facebook**
https://www.facebook.com/Sjeddepttgujarat

**Instagram**
https://www.instagram.com/sjeddepttgujarat

**Koo**
https://www.kooapp.com/profile/Sjeddepttgujarat


**નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ**

બ્લોક નં 16, ભોંયતળીયે, ડો. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-10, ગાંધીનગર - 382 010.

# નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની ઓનલાઈન યોજનાઓની યાદી

## ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર

https://esamajkalyan.gujarat.gov.in

- ❖ દિવ્યાંગ લગ્ન સહાય યોજના
- ❖ પાલક માતા-પિતા યોજના
- ❖ એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવાની યોજના
- ❖ દિવ્યાંગ સાધન સહાય યોજના
- ❖ સંત સુરદાસ યોજના

## ડિઝીટલ ગુજરાત પોર્ટલ પર

https://www.digitalgujarat.gov.in

- ❖ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના
- ❖ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના
- ❖ નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના (રાજ્ય સરકારની યોજના)
- ❖ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ)

Y-742-10,000-12-2023

પ્રોસેસિંગ અને મુદ્રણઃ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર